72માં મુક્તિદિવસે દાદરા નગર હવેલીના મુક્તિસંગ્રામના ઈતિહાસની એક ઝલક

સેલવાસતા.૧ : દાદરા નગર હવેલીના મુક્તિ દિવસનો ઈતિહાસ જાણવો પણ જરૂરી છે. ભારત ૧૯૪૭માં આઝાદ થયું ત્યારે પણ દીવ-દમણ-ગોવા તથા દાનહમાં પુર્તગલનું શાસન હતું. દાનહ મુક્તિ માટે સ્વતંત્રતા આંદોલન કરવામાં આવ્યું.. સૌથી પહેલા ૨૨ જુલાઇ ૧૯૫૪ની રાતે યુનાઇટેડ ફ્રંટ ઓફ ગોઅન્સના ૧૫ સભ્યોએ દાદરા પોલીસ સ્ટેશન પર હુમલો કરી તેને મુક્તિ અપાવી. અહીં ત્રિરંગો ફરકાવવામાં આવ્યો. ત્યાર બાદ ૨૮ જુલાઇ ૧૯૫૪ના દિવસે નરોલી પોલીસ ચોકી, ૨૯ જુલાઇએ નરોલી સ્વતંત્ર થયું. ૨ ઓગસ્ટ ૧૯૫૪ ના દિવસે સેલવાસ મુક્ત થયું. સાર્વજનિક બેઠકને અંતે કર્મલકરને પહેલા પ્રશાસકના રૂપમાં પસંદ કરાયા. ૧૯૫૪થી ૧૯૬૧ સુધી દાનહ વરીષ્ઠ પંચાયત દ્વારા સંચાલિત સ્વતંત્ર પ્રદેશ તરીકે રહયો. ૧૯૬૧માં જયારે ગોવાને મુક્ત કરવામાં આવ્યું ત્યારે દાનહ ભારતનો ભાગ બની ગયું.